છેડતી અને અસામાજિક પ્રવૃત્તિ અટકાવવા ખાખીની કવાયત

ગાંધીધામમાં નવરાત્રિમાં મહિલાઓની સુરક્ષા માટે પોલીસની શી ટીમ તૈનાત

ગરબા સ્થળો અને ભીડભાડવાળા વિસ્તારોમાં પોલીસની બાજ નજર

। ગાંધીધામ ।

સંકુલમાં નવરાત્રિ પર્વ અંતર્ગત ગરબા મહોત્સવમાં ભાગ લેવા આવતી મહિલાઓ અને યુવતીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા ગાંધીધામ એ ડિવિઝન પોલીસ દ્વારા શી ટીમ તૈનાત કરવામાં આવી છે.



બોર્ડર રેન્જ ભુજના આઈ.જી. ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ ગાંધીધામ એ ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. રાઠોડના માર્ગદર્શન હેઠળ શી ટીમને મેદાનમાં તૈનાત કરવામાં આવી છે. નવરાત્રિ દરમિયાન ગરબા સ્થળો પર મોટી સંખ્યામાં મહિલાઓ, યુવતીઓ અને નાગરિકો એકત્રિત થતા હોય છે. આ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને મહિલાઓ નિર્ભયતાથી ગરબા મહોત્સવમાં ભાગ લઈ શકે તે હેતુથી શી ટીમ દ્વારા ગરબા સ્થળો સહિતના ભીડભાડવાળા વિસ્તારોમાં સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

મહિલાઓ અને યુવતીઓની છેડતી સહિતની અસામાજિક પ્રવૃત્તિઓને અટકાવવા પોલીસ દ્વારા સતર્કતા દાખવવામાં આવી રહી છે. સાથે જ શંકાસ્પદ હિલચાલ પર નજર રાખી સુરક્ષા અને સલામતી જાળવવા જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ગાંધીધામ એ ડિવિઝન પોલીસ દ્વારા કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય અથવા મહિલાઓને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડે તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા અનુરોધ કરાયો હતો.

ભત્રીજાના કહેવાથી કાકાએ આરોપીને કામે રાખ્યો હતો

કબાડીના ધંધાર્થીને સાથે કામ કરતા શખસે જ રૂ.૨૫ લાખનું બૂચ માર્યું

ગઠિયાએ નાણાં પરત આપવા ગલ્લાંતલ્લા કરતાં નોંધાઈ ફરિયાદ

। ગાંધીધામ ।

શહેરના વોર્ડ ૧૨/એ વિસ્તારમાં કબાડીનો ધંધો કરતા યુવાને ભત્રીજાના કહેવાથી તેના સાળાને કામે રાખ્યો હતો. આ દરમ્યાન આરોપી વેપારના રોકડા રૂપિયા ૨૫ લાખ લઈને રફુચક્કર થઈ જતાં ભારે ચર્ચા જાગી છે.

ગાંધીધામ એ ડિવિઝન પોલીસ સૂત્રોએ કાલુ રામસિંગ જાટવ, મૂળ, ઉત્તરપ્રદેશ, હાલે રહે. લોહાણા મહાજન સમાજ વાડીની ફરિયાદ ટાંકીને પોલીસે જણાવ્યું હતું કે, કાલુ વતન ગયો હતો, ત્યારે તેનો ભત્રીજો નાગેન્દ્ર ઉર્ફે નાગેશ મળ્યો હતો, નાગેન્દ્રએ કહ્યું હતું કે, તેનો સાળો વિવેકકુમાર હજારીલાલ જાટવ, રહે.નગલા શરદા માજરા લહોરા, જિ.હાથરસ, ઉત્તરપ્રદેશ વાળો નવરો છે, તેને તારી સાથે નોકરી પર રાખી લે, તારા કબાડીના ધંધાનો હિસાબ રાખશે તેવી વાત કરી હતી, જેથી યુવાને નાગેશને કામે રાખ્યો હતો.

કાલુએ રૂપિયા ૨૫ લાખ બેગમાં રાખ્યા હતા, બાદ વિવેકને રૂમમાં રોકાવાની વાત કરી હતી. સવારે યુવાન રૂમ પર જતાં વિવેક હાજર નહોતો અને ફોન પણ બંધ હતો. યુવાને વિવેક ભત્રીજાનો સાળો થતો હોવાથી સબંધી મારફતે સંપર્ક કર્યો હતો, પરંતુ આરોપીનો સંપર્ક થઈ શક્યો નહોતો. આ દરમ્યાન આરોપી વતનમાં હોવાની જાણ થઈ હતી, તેમ છતાં આરોપીએ પૈસા આપ્યા ન હતા, જેથી યુવાને ફરિયાદ નોંધાવી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીધામ ચેમ્બર દ્વારા પાયાની સુવિધા મુદ્દે પ્રશ્નોનો ઉકેલવા રજૂઆત કરાઈ

મીઠીરોહર અને જીઆઈડીસી રસ્તા, સ્ટ્રીટ લાઈટ, ડ્રેનેજ સહિતની સુવિધાની માગણી

ઉદ્યોગોના વિકાસ માટે પાયાની સુવિધાઓ વૈકલ્પિક નહીં, અનિવાર્ય છે

। ગાંધીધામ ।

ગાંધીધામ ચેમ્બર દ્વારા મીઠીરોહર, ગાંધીધામ જીઆઈડીસીમાં માળખાકીય સુવિધાના અભાવ અંગે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ તથા મ્યુનિસિપલ કમિશનરને વધુ એકવાર રજૂઆત કરી હતી. જીઆઈડીસીમાં બંધ સ્ટ્રીટ લાઈટ, જર્જરિત આંતરિક તથા મુખ્ય માર્ગો, અનિયમિત સફાઈ અને વરસાદી પાણીના નિકાલની અપૂરતી વ્યવસ્થા અંગે ચેમ્બરે મ્યુનિસિપલ કમિશનર દવેરા સમક્ષ રજૂઆતમાં જણાવ્યું હતું કે, વિવિધ સમસ્યાથી ઉદ્યોગો, વેપારીઓ, પરિવહનકારો ઉપરાંત આસપાસના રહેવાસીઓને હાલાકી અનુભવવી પડે છે.

ચેમ્બરના પ્રમુખ તેજાભાઈ કાનગડે જણાવ્યું હતું કે, મીઠીરોહર અને ગાંધીધામ જીઆઈડીસીમાં રસ્તા, પ્રકાશ વ્યવસ્થા, પાણી અને ડ્રેનેજ જેવી પાયાની સુવિધા સુદૃઢ હોવી આવશ્યક છે. ઉદ્યોગો ઉત્પાદન, રોજગારી અને નિકાસમાં યોગદાન આપે તે માટે અનુકૂળ માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવી પણ તંત્રની જવાબદારી છે. હવે સ્થળ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી, જવાબદાર વિભાગો દ્વારા સમયમર્યાદામાં કાર્યવાહી થાય તે જરૂરી છે.

ચેમ્બરના માનદ્ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, પાયાની સુવિધાની અછતની અસર ઉત્પાદન ખર્ચ, સપ્લાય ચેઈન, નિકાસની સ્પર્ધાત્મકતા અને રોકાણકારોના વિશ્વાસ પર પડે છે. રોકાણને પ્રોત્સાહન આપવા માટે નીતિ, પ્રોત્સાહનોની સાથે ગુણવત્તાયુક્ત રસ્તા, સલામત પરિવહન, પૂરતી લાઈટિંગ અને સ્વચ્છ ઔદ્યોગિક વાતાવરણ જરૂરી છે.

મોટા પ્રમાણમાં ટ્રક -ટ્રેલરની આવન જાવન, સુવિધા ઝીરો

મીઠીરોહર જીઆઇડીસીમાં દર મહિને અંદાજે ૨,૦૦૦થી ૨,૫૦૦ કન્ટેનર તથા દરરોજ આશરે ૧૫૦થી ૨૦૦ ટ્રક, ટ્રેલર અને અન્ય ભારે વાહનોની અવરજવર થાય છે. મહત્ત્વપૂર્ણ ઔદ્યોગિક અને પરિવહન પ્રવૃત્તિ હોવા છતાં આંતરિક રસ્તાઓની જર્જરિત સ્થિતિ, ખાડા, સ્ટ્રીટ લાઇટિંગ, પાણી પુરવઠો અને ડ્રેનેજ સહિતની સુવિધાઓના પ્રશ્નો ઉદ્યોગકારો માટે મુશ્કેલીરૂપ બન્યા છે. બિસમાર રસ્તાઓને કારણે વાહનોના જાળવણી ખર્ચમાં વધારો, માલસામાનની હેરફેરમાં વિલંબ અને અકસ્માતનું જોખમ ઊભું થાય છે, જે ઉત્પાદન તથા નિકાસની સમયમર્યાદા પર પણ અસર કરી શકે છે. વિદેશી ખરીદદારો ઉદ્યોગોની મુલાકાતે આવે ત્યારે આવી અસુવિધાઓ વિસ્તારની ઔદ્યોગિક છબી અને રોકાણકારોના વિશ્વાસને પણ અસર કરી શકે છે.

જીઆઈડીસી એસોસિયેશનના સેક્રેટરી ડેનુ કપાનિયાએ જણાવ્યું હતું કે, મીઠીરોહર જીઆઈડીસીમાં ભારે વાહનોની અવરજવર હોવા છતાં રસ્તાઓની ખરાબ હાલતને કારણે ઉદ્યોગો અને નિકાસકારોને રોજિંદી કામગીરીમાં મુશ્કેલીઓ પડે છે તથા પરિવહન ખર્ચ અને સમય વધે છે.

ચેમ્બર દ્વારા બંને ઔદ્યોગિક વિસ્તારોની સંયુક્ત સ્થળ મુલાકાત અને ઉચ્ચસ્તરીય સમીક્ષા યોજવા, બિસ્માર રસ્તાઓનું પ્રાથમિકતાના ધોરણે સમારકામ કરવા, બંધ સ્ટ્રીટ લાઇટો કાર્યરત બનાવવા તથા પાણી, ડ્રેનેજ અને સફાઈની નિયમિત વ્યવસ્થા સુનિશ્ચિત કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. સાથે જ દરેક પ્રશ્ન માટે જવાબદાર વિભાગ અને સમયમર્યાદા નક્કી કરી પ્રગતિની સમીક્ષા કરવા તથા સ્થાનિક ઉદ્યોગગૃહો, જીઆઈડીસી એસોસિયેશન અને ચેમ્બર સાથે સંકલન જાળવવા પણ રજૂઆત કરાવવામાં આવી હતી.

ફોર્મ જી

કલાહરિધાન ટ્રેન્ડ્ઝ લિમિટેડ

માટે અભિરુચિની અભિવ્યક્તિ માટે આમંત્રણ

અમદાવાદ, ગુજરાત ખાતે ટેક્સટાઇલ્સ ઉત્પાદનમાં કાર્યરત

(ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસ ફોર કોર્પોરેટ પર્સન્સ) નિયમનો, ૨૦૧૬ના નિયમન ૩૬એ (૧) હેઠળ)

ક્રમ	સંબંધિત વિગતો	
૧	કોર્પોરેટ દેવાદારનું નામ પાન અને સીઆઈએન સાથે	કલાહરિધાન ટ્રેન્ડ્ઝ લિમિટેડ પાનઃ AAGCK1765P સીઆઈએનઃ L17299GJ2016PLC092224
૨	રજિસ્ટર થયેલ ઓફિસનું સરનામું	૫૭, આશરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, મહાલક્ષ્મી ફેબ્રિક્સ પાછળ, નારોલ ક્રોસ રોડ પાસે, અમદાવાદ, ગુજરાત – ૩૮૨૪૦૫
૩	વેબસાઇટનું યુઆરએલ	https://www.kalahridhaan.in
૪	જ્યાં મોટા ભાગની ફિક્સ્ડ અસ્કામતો છે તે સ્થળની વિગતો	અમદાવાદ, ગુજરાત
૫	મુખ્ય પ્રોડક્ટ્સ/સેવાઓની સ્થાપિત ક્ષમતા	લાગુ પડતુ નથી
૬	છેલ્લા નાણાંકીય વર્ષમાં વેચાયેલ મુખ્ય પ્રોડક્ટ્સ / સર્વિસિસનો જથ્થો અને મૂલ્ય	નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના છેલ્લા ઓડિટ થયેલ નાણાકીય નિવેદન મુજબ રૂ. ૧૯૪.૧૭ કરોડ.
૭	કર્મચારી/કામદારોની સંખ્યા	નિલ
૮	બે વર્ષના છેલ્લા ઉપલબ્ધ નાણાકીય અહેવાલો (પરિશિષ્ટ સાથે), ક્રેડિટરોની સૂચિ સહિતની વધુ વિગતો આ યુઆરએલ પર ઉપલબ્ધ :	પર ઈ-મેલ કરીને વિગતો મેળવી શકાશે. cirp.ktl@gmail.com
૯	કાયદાની ૨૫(૨)(એચ) હેઠળ રિઝોલ્યુશન અરજદારોની લાયકાત વિગતો આ યુઆરએલ પર ઉપલબ્ધ :	પર ઈ-મેલ કરીને વિગતો મેળવી શકાશે. cirp.ktl@gmail.com
૧૦	અભિરુચિની અભિવ્યક્તિ મેળવવાની અંતિમ તારીખ	૨૮.૧૦.૨૦૨૬
૧૧	સંભવિત રિઝોલ્યૂશન અરજદારોની કામચલાઉ યાદી જાહેર કરવાની તારીખ	૦૭.૧૧.૨૦૨૬
૧૨	કામચલાઉ યાદી અંગે વાંધા જમા કરવાની અંતિમ તારીખ	૧૨.૧૧.૨૦૨૬
૧૩	સંભવિત રિઝોલ્યુશન અરજદારોની અંતિમ યાદી જાહેર કરવાની તારીખ	૨૨.૧૧.૨૦૨૬
૧૪	માહિતીનું મેમોરેન્ડમ, મૂલ્યાંકન મેટ્રિક્સ તથા સંભવિત રિઝોલ્યુશન અરજદારોએ રિઝોલ્યુશન પ્લાન્સ માટે અરજ જાહેર કરવાની તારીખ	૨૭.૧૧.૨૦૨૬
૧૫	રિઝોલ્યુશન પ્લાન્સ જમા કરવાની અંતિમ તારીખ	૨૭.૧૨.૨૦૨૬
૧૬	ઈઓઆઈ જમા કરવાનું પ્રોસેસ ઈ-મેલ આઈડી	cirp.ktl@gmail.com
૧૭	કોર્પોરેટ દેવાદારના એમએસએમઈ તરીકે રજિસ્ટ્રેશનની વિગતો	UDYAM-GJ-01-0108502

સહી/-

ચિરાગ રાજેન્દ્રકુમાર શાહ

કલાહરિધાન ટ્રેન્ડ્ઝ લિમિટેડના મામલામાં રિઝોલ્યુશન પ્રોફેશનલ

IBBI/IPA-001/IP-P01169/2018-19/11837

એએફએની માન્યતા : ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી

તારીખ : ૧૩.૧૦.૨૦૨૬ ૨૦૮, રત્નરાજ સ્પ્રિંગ, નવનિર્માણ કો-ઓ. બેન્કની બાજુમાં,

સ્થળ : અમદાવાદ એચડીએફસી બેન્ક હાઉસ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

રાષ્ટ્ર સેવિકા સમિતિ કચ્છ વિભાગનો વિજયાદશમી ઉત્સવ ઉજવાયો

ગાંધીધામમાં ૬૫૦થી વધુ રાષ્ટ્ર સેવિકા પૂર્ણ ગણવેશ સાથે પથ સંચલનમાં જોડાઈ

અખિલ ભારતીય સહ કાર્યવાહિકાની હાજરીમાં શસ્ત્રપૂજન અને શૌર્ય પ્રદર્શન યોજાયા





। ભુજ । (સંદેશ પ્રતિનિધિ)

ગાંધીધામ ખાતે એમ.પી. પટેલ કન્યા વિદ્યાલયમાં રાષ્ટ્ર સેવિકા સમિતિ, કચ્છ વિભાગ દ્વારા વિજયાદશમી ઉત્સવ ઉજવાયો હતો. સમગ્ર કચ્છમાંથી ૬૫૦થી વધુ સેવિકા બહેનોએ પૂર્ણ ગણવેશમાં ભાગ લીધો હતો. અખિલ ભારતીય સહ કાર્યવાહિકા અલકાતાઈ ઈનામદારના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમમાં શારીરિક કૌશલ્યોનાં પ્રાત્યક્ષિકો રજૂ કરાયા હતા.

કાર્યક્રમમાં ક્ષેત્ર સંચાલિકા મંજુલાબેન પટેલ, પ્રાંત કાર્યવાહિકા નીતાબેન જાની, કાર્યવાહિકા ભાવનાબેન મેસુરાણી સહિત સમિતિના વિવિધ હોદ્દેદારો હાજર રહ્યા હતા. અંજાર તાલુકા સરપંચ સંગઠનનાં પ્રમુખ દેવઈબેન અરજણ કાનગડે બહેનોને સશક્તિકરણ માટે જાગૃત રહેવા અને સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા. ઉત્સવના ભાગરૂપે સેવિકા બહેનોએ ભગવા ધ્વજ સાથે ગાંધીધામના રાજમાર્ગો પર ભવ્ય પથસંચલન યોજ્યું હતું, જેને નગરજનોએ ઉત્સાહભેર આવકાર્યું હતું. વ્યાયામયોગ, સમતા, યષ્ટિ, ગોપુરમ, દંડ, નિયુદ્ધ અને યોગચાપનાં પ્રાત્યક્ષિકો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ ઉપરાંત સન્માન સાથે શસ્ત્રપૂજન કરાયું હતું. કાર્યક્રમમાં સંઘના સૌરાષ્ટ્ર પ્રાંત કાર્યવાહ મહેશભાઈ ઓઝા, બૌદ્ધિક પ્રમુખ જયંતીભાઈ નાથાણી અને ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી સહિત હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, કચ્છના આઠ તાલુકાનાં ૬૧ ગામોમાં સમિતિની શાખા કાર્યરત છે.

રેલવેને લગતાં વેપાર-ઉદ્યોગ સંબંધી મુદ્દા ચર્ચાયા

કંડલા ચેમ્બર દ્વારા એઆરએમ સાથે વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા

મુલાકાત દરમિયાન રેલવે અધિકારીનું સન્માન કરાયું

। ગાંધીધામ ।

કંડલા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના હોદ્દેદારો દ્વારા એ.આર. એમ.ની મુલાકાત લેવામાં આવી હતી. રેલવેની વિવિધ સગવડ, મુસાફરોની સુવિધા સહિતના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી.



કંડલા ચેમ્બરના એસોસિયેશનના પ્રતિનિધિ મંડળે એરિયા રેલવે મેનેજર હેમંતકુમાર કાદિયાનની મુલાકાત લીધી હતી. ગાંધીધામ તથા કચ્છના વેપાર ઉદ્યોગ ક્ષેત્રના લગતાં રેલવે સંબંધી વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ સમયે અધ્યક્ષ દિનેશ ગુપ્તા, મંત્રી જિતેન્દ્ર શેઠિયા, સહમંત્રી મયંક સિંઘવી, ખજાનચી જિગર પટેલ, કારોબારી સભ્ય નંદલાલ ગોયલ હાજર રહ્યા હતા. એ.આર.એમ.નું કચ્છી શાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.



Terms and Conditions applied. *Approval of the loan is at the sole discretion of the financiers, and additional documentation may be required. *The interest rates, loan amount, down payment, tenure options, and EMI are based on the financier's assessment of the applicant's credit profile. *Some of the mentioned components of the scheme cannot be clubbed together. *The offers/features may be modified or withdrawn at any time without prior intimation. *Offer valid until 30th Nov 2026. #Up to 10% Instant Cashback (₹2000 - ₹10000) is available on all HMSI models for EMI transactions made using IDFC Bank Credit Cards (Tenure 6 months to 24 months). #The offer is valid on credit card transactions processed through Pine Labs machines only and is applicable for one transaction per card/order during the offer period. #The Instant Cashback offer is valid until 30th Nov 2026. Product shown in the picture may vary from actual product available in the market. Accessories shown in the picture are not part of standard equipment.

Honda Motorcycle & Scooter India Pvt. Ltd., Registered Office: Plot No. 1, Sector - 03, IMT Manesar, Distt. Gurugram, (Haryana) – 122052, India; **Website:** www.honda2wheelersindia.com; **Customer Care:** customercare@honda.hmsi.in

Honda Exclusive Authorized Dealerships: **KUTCH: BHUJ:** Cargo Honda - 9879611150; **GANDHIDHAM:** B M Auto Honda - 9700742742; Cargo Honda - 9925239545; **ANJAR:** Cargo Honda - 9925239541; **MANDVI:** Swastik Honda - 9978977306; **MUNDRA:** Cargo Honda - 9925239542; **NAKHATRANA:** Krishna Honda - 9898448558; **RAPAR:** Patel Honda - 9879578571; **DAYAPAR:** Shree Momay Honda - 9726034226; **NALIYA:** Momay Honda - 7984218958.

For Bulk/Institutional enquiries, please write us at: institutionalsales@honda.hmsi.in